જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૯/૨૦૨૩ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૪૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૫૨૭ લીટર દેશી દારૂ, ૯૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૫ બિયર ટીન, ૧ રિક્ષા અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૬,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૪૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૪૪૭/૨૦૨૩

**સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનઃ** જગજીત તરલોક સલુજા (ઉ.વ.૨૯)(રહે,ગુરુનાનક નિવાસ, અરોરા વિહાર, ભુદરપુરા રોડ, આંબાવાડી) એ તા.૦૧/૦૯/૨૦૨૩ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૪/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન જગજીત સલુજા નાઓએ જીવનસાથીની પસંદગી સારૂ છોકરી શોધવા માટે jeevansathi.com એપ્લિકેશન ઉપર Gia Virk નામની આઇ.ડી. સાથે ચેટ કરતા, Gia Virk નામની અજાણી લેડીઝ એ તેના મોબાઇલ ફોન નંબર ૯૫૬૧૩૭૩૯૭૩ થી જગજીત સલુજા સાથે વાત કરી, જગજીત સલુજાને વિશ્વાસમાં લઇ "પોતાના પિતાને હાર્ટ એટેક આવેલ છે અને મુંબઇ ખાતે હોસ્પીટલમાં દાખલ કરેલ છે અને હાલમાં પૈસાની જરૂર છે" તેમ કહી જગજીત સલુજા પાસેથી પેટીએમ. થી અલગ-અલગ ટ્રાન્ઝીકશન દ્વારા કુલ રૂપિયા ૫,૯૫,૦૦૦/- મેળવી લઇ, રૂપિયા પરત માંગતા jeevansathi.com નું એકાઉન્ટ બંધ કરી, જગજીત સલુજા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.પટેલ ચલાવે છે.

**આનંદનગરઃ** મયુરકુમાર માવજીભાઈ કાવર (ઉ.વ.૪૪)(રહે,ગાલા સ્વીંગ, સોબો સેન્ટરની બાજુમાં સાઉથ બોપલ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુન/૨૦૧૮ થી તા.૦૧/૦૯/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર નંદનવન-૩, ગ્રાઉન્ડ ફ્લોર દુકાન નંબર-૧૧ ખાતે આરોપી (૧) એન.બી.શંકર (૨) એ.પી. વિનીતકુમાર અને (૩) જી.રાજશેખર (ઓફીસ:-એફ.એલ.સ્મીથ હાઉસ, ૩૪-ઇગતુર, કૈમબક્કમ, રાજીવ ગાંધી સલાઇ ચેન્નાઈ તમીલનાડુ) નાઓએ તેમની એફ.એલ.સ્મીથ કંપનીએ દ્રારકા મીઠાપુર ટાટા કેમીકલ્સ કંપનીનો કોંટ્રાકટ રાખેલ હોઇ, જે સારૂ તેઓને સ્કેફોલ્ડીંગની જરૂરીયાત હોઇ, મયુરકુમારની વી.એફ.એમ. કંપનીને સ્કેફોલ્ડીંગ કરવા માટે વર્ક ઓર્ડર આપેલ. જે મુજબ ત્રણ માસથી વધારે સમય થાય તેનુ પેમેન્ટ આપવાની વાત કરી કોન્ટ્રાક્ટ આપી, ત્રણ મહીના ઉપરાંતના ચાર મહીનાથી વધુ સમયગાળા સુધી સ્કેફોલ્ડીંગનો કોંટ્રાક્ટ લંબાવી, જેમા મયુરકુમારની વી.એફ.એમ.કંપનીએ “એફ.એલ.સ્મીથ” કંપની પાસેથી લેવાના નિકળતા કુલ રૂપિયા ૨,૪૫,૩૫,૪૬૨/- માં મયુરકુમારની કંપનીએ તા.૦૩/૦૨/૨૦૧૯ નારોજ ડીસ્કાઉન્ટ આપ્યા બાદ લેવાના નીકળતા કુલ રૂપિયા ૧,૯૦,૭૨,૯૨૮/- હોય. જે બાબતે મયુરકુમારને આરોપીઓએ ચેન્નાઇ ખાતે તેઓની કંપનીમાં બોલાવી મીટીગ કરી “તમારૂ પેમેન્ટ ટાટા કેમીકલ્સ જ્યારે અમારા રૂપીયા આપશે ત્યારે તમારૂ પેમેન્ટ આપી દઇશુ” તેમ કહી વિશ્ર્વાસમાં લઇ, મયુરકુમાર નાઓ પાસેથી એન.ઓ.સી લેટરમાં સહીઓ કરાવી લઇ, બાકીના નિકળતા કુલ રૂપિયા ૯૩,૯૪,૨૭૧/- અને જી.એસ.ટી. આજદિન સુધી નહિ ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૮/૨૦૨૩**

**એલીસબ્રીજઃ** પ્રકાશભાઇ નાગજીભાઇ જાદવ (ઉ.વ.૩૦)(રહે.મહેનતપુરા ના છાપરા ડૉ.આંબેડકર કોલોની બાજુમા આંબવાડી એલીસબ્રીજ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૩ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રતનસિંહ હીમતસિંહ ચલાવે છે.

**નરોડાઃ** હીતેશકુમાર ભાનુભાઇ પટેલ (ઉ.વ.૪૨)(રહે.મંદીરવાળી ફળી જોશીવાડા પાછળ નરોડા ગામ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પિયુષકુમાર નાથાલાલ ચલાવે છે.

**ઇસનપુરઃ** રાહુલ મેરામભાઇ પરમાર (ઉ.વ.૨૬)(રહે.મહારાણા પ્રતાપ સોસાયટી, કાશી હિન્દી સ્કૂલ સામે ચંડોળા પાળ ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૮/૨૦૨૩ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.તેલે ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી